વસિષ્ઠ - (ઊભો રહેતો) (ભરત તરફ જોઈને) આમ ન બોલવું જોઈએ. તેમને પણ પ્રવેશવા દો.

ભરત - એમને હું જોઈ (મળી) શકીશ નહીં.

વસિષ્ઠ - આ બાબતે એવી ભાવના ન કર. શાંત ચિત્તે વિચાર કર. વિચારીને જે કરવામાં આવે તેનું પણ પ્રવેશ કરાવ.

ભરત - તો તેમનો પણ પ્રવેશ કરાવ.

દ્વારપાલ - ભલે (જાય છે.)

(પછી કૌશલ્યા, કૈકયી અને સુમિત્રા પ્રવેશે છે.)

કૌશલ્યા - વત્સ! આજે ખરેખર રામના પાછા આવવાનો દિવસ છે.

ભરત - હા મા! રામના રાજ્યને હરનારો ભરત પ્રણામ કરે છે. (પ્રણામ કરે છે.)

કૌશલ્યા - દીકરા ! એમ ન કહે.

**આજે રઘુશ્રેષ્ઠ રામ પાછા આવશે. પટ્ટાભિષેક અને મુકુટ પહેરેલા મસ્તકવાળા થવાથી તને અને પ્રજાને રાહુથી મુક્ત થયેલા ચંદ્રની માફક દૂર થયેલા અંતરાય વાળા તે આનંદ આપશે. તો દુઃખ થવું રહેવા દે. (૧૪)**

ભરત - (આંસુ ભર્યા ગદ્ગદ્ કંઠે) ક્યાં છે કલેશ? થવાનું હતું તે થઈ ગયું. હે મા લક્ષ્મણની માતા! બધા પ્રકારની સેવા માટે લક્ષ્મણને રામે સોંપનારા તમે ધન્ય છો! આ અધન્ય (કમનસીબ) ભરત પ્રણામ કરે છે. (પ્રણામ કર છે.)

સુમિત્ર - આવું તો ક્યારેય નથી.

राज्यं त्वधीनं प्रविहाय वत्स !
जटाशिराः प्रावृत्तवल्कलश्च ।
श्रीपादुकोपासनतत्परस्त्वं
तपश्चरन् लक्ष्मणतोऽपि धन्यः ॥ १५ ॥

तदलं चिन्तया ।

भरतः – (सौदास्यस्मितम्) अम्ब ! चिन्तेति विडम्बनम् ।

वसिष्ठः – किन्नु खल्विदम् । प्रणम तावद्भवज्जननीम् ।

भरतः – (सबाष्पम्) प्रणमामि प्रणमामि । अम्ब ! भरतमातः, ज्येष्ठभ्रातृराज्यापहर्ता पापीयान् भरतः प्रणमति ।

(प्रणमति)

वसिष्ठः – वत्स ! मा पातय क्षते क्षारम् ।

श्रीरामपट्टस्नपनेऽतिहृष्टा
कुब्जावचोलोभितमानसेयम् ।
एवं व्यतानीत्तदनु स्वकृत्ये
सदानुतापाग्निपुटोच्चचित्ता ॥ १६ ॥

तत्पुनरपि मैवं वादीः ।

भरतः – (साञ्जलिबन्धम्) यथादिशति भगवान् ।

कैकेयी – (सबाष्पम्) वत्स ! मुधा मां निन्दसि । किं कथयेयं ते हृदयपरिपाकम्–

व्रतवह्निविशुद्धचित्तहेम-
प्रथितां भूषणतां व्रजेत्प्रकामम् ।
रघुपुङ्गवपादपद्मयुग्मे
यदहं कार णमस्मी दृश स्य ॥ १७ ॥

वसिष्ठः – साधूक्तमनया । वत्स भरत शृणु तावत् ।

**હે વત્સ ! તારે અધીન રાજ્ય ત્યજી મસ્તકે જટા ધારણ કરી વલ્કલો પહેરી તુંપણ શ્રીપાદુકાઓનીઉપાસનામાં તત્પર બની તપ કરતો હોવાથી લક્ષ્મણથી પણ વધુ નસીબદાર છો. (૧૫)**

તો ચિંતા રહેવા દે.

ભરત - (ઉદાસીનતાભર્યા સ્મિતપૂર્વક) હે મા ! ચિન્તાએ જ વિડંબનાછે.

વસિષ્ઠ - આમ કેમ ? માતાને પ્રણામ તો કર.

ભરત - (આંસુ સહિત) નમું છું. નમું છું. હે મા ! ભરતની માતા ! મોટાભાઈના રાજ્યને હરનારે પાપી ભરત પ્રણામકરે છે. (પ્રણામ કરે છે.)

વસિષ્ઠ - વસ્ત !ઘા ઉપર મીઠું ન ભભરાવ.

**શ્રી રામના પદાભિષેક વખતેખૂબપ્રસન્ન થયેલી આ તેનુંકુબ્જાના વચનથી મન લોભાયું હતું. તેથી તે પછી તો પોતાના કૃત્ય પ્રતિ સદાય પશ્ચાત્તાપના અગ્નિપુટમાં ચિત્તને ભારે સંતાપવાળું કર્યું છે. (૧૬)**

તો પછી હવે આમ કહીશ નહી.

ભરત - (બે હાથ જોડી) જેવી ભગવાનની આજ્ઞા.

કૈક્યી - (આંસુ રહિત) વસ્ત !મુનિકામ નિંદે છે. હું તને હૃદયનો પરિતાપ (સંતાપ) શું કહું ?

**વ્રતરૂપી અગ્નિથી વિશેષ શુદ્ધ બનેલા ચિત્તરૂપી સોના જેવું પ્રખ્યાત આભૂષણપણું ચોક્કસ પામે. તે માટે આવા રઘુશ્રેષ્ઠના ચરણ કમળ યુગ્મ માટે હું કારણ બની છે. (૧૭)**

વસિષ્ઠ - એમણે બરાબર કહ્યું. હે ભાઈ ભરત !

मात्रा वनं रघूत्तंसं प्रहिण्वत्यायमाहितः ।
पातन्त्र्यस्य काष्ठां ते वीक्षितुं निकषोपलः ॥१८ ॥

शत्रुघ्नः – (प्रविश्य) आर्य समलङ्कृतो नन्दिग्रामः ।

किसलयकुसुमोच्चतोरणाढ्यः
ततसमुदञ्चितकेतनालिकान्तः ।
विरचितजलसेचनार्द्रमार्गो
विलसति धूपवितानितोर्ध्वधूमः ॥ १९ ॥

भरतः – अप्यवलोकितो धाराग्निः ?

शत्रुघ्नः – अथ किम् । प्रज्वलति ।

भरतः – इतोऽपि सन्धुक्षयेन्धनार्पणेन ।

शत्रुघ्नः – तथा । (निष्क्रान्तः)

(सर्वे सावेगं परस्परं मुखमवलोकयन्ति)

कौसल्या – (कैकेयीमवलोक्य जनान्तिकम्) का गतिः ? (नेपथ्ये)

नभोमध्यं प्राप्तो रविरपि किरत्यातपकणान्
विहङ्गा वृक्षान्तर्दलपटलगूढामितरवाः ।
द्रुतं याता मीना विमलसरसां शीतलतलं
समीरस्सन्तापादिव चरति नैव क्वचिदपि ॥ २० ॥

वसिष्ठः – (आकर्ण्य) मध्यन्दिनमपि समुपनतम् । अपि गच्छामो माध्यन्दिनकर्मणे ?

भरतः – यथादिशति भगवान् ।

(निष्क्रान्तास्सर्वे)

॥ इति प्रथमोऽङ्कः ॥

●●●

સાંભળ તો પરતંત્રતાની ચરમસીમાએ બેસાડી કસોટીના પથ્થર ઉપર જેવા માતાએ રઘુશ્રેષ્ઠને વનમાં મોકલ્યા હતા. (૧૮)

શત્રુઘ્ન - (પ્રવેશીને) હે આર્ય ! નંદિગ્રામ સારી રીતે શણગારાયું છે.

કુંપળો અને પુષ્પોના ઉચ્ચ તોરણથી અલંકૃત છે. ફેલાવેલી ઊંચી ધજાઓની હારથી શોભે છે. રસ્તા ઉપર જળ સિંચાવવાથી માર્ગ ભીંજાયો છે. ધૂપથી ફેલાયેલો ધૂમ ઉપર શોભે છે. (૧૯)

ભરત - ધારાગ્નિ (અમર જ્યોતિ) નિહાળી કે ?

શત્રુઘ્ન - હા. તે સળગે છે.

ભરત - ઈંધણાં નાખીને આથી ય વધુ પ્રજ્વલિત કર.

શત્રુઘ્ન - ભલે (જાય છે.)

(બધા આવેગપૂર્વક એકબીજાનું મુખ નિહાળે છે.)

કૌશલ્યા - (કૈકેયીનેજોઈને નજીકથી) શું થશે? (નેપથ્યમાં)

આકાશ મધ્યભાગે આવેલો સૂર્ય પણ તાપનાં કણોને વેરે છે. પક્ષીઓ વૃક્ષોનાદલના પટલ (સમૂહ) માં છુપાઈ આછેરું કૂજનકરે છે. નિર્મળ સરોવરનાં શીતલજળમાં માછલાં વેગે ભમે છે. જાણે સંતાપને લીધે વાયુ ક્યારે ફરકતો નથી. (૨૦)

વસિષ્ઠ - (સાંભળીને) મધ્યાહ્ન પણ થઈ ગયો. મધ્યાહ્નકાલીન (સંધ્યાવંદન) કર્મ માટે જઈશું કે ?

ભરત - જેવી ભગવાનનીઆજ્ઞા.

(બધા જાયછે.)

**પ્રથમ અંક સમાપ્ત**

●●●

## ॥ द्वितीयोऽङ्कः ॥

(ततः प्रविशति जनकः)

जनकः – अद्य रामप्रत्यागमनम् । हन्त विधिविलसितम्! स तु रामः –

**चीरचेलपरिधानतृप्तिभाक्**

**त्यक्तराज्यविभवो जटी वने ।**

**सीतया सह चरन्सलक्ष्मणो**

**भाग्यतः पुरगतो भविष्यति ॥ १ ॥**

दिष्ट्या पश्यामि । स्यादेतत् –

**चतुर्दशसमा रामश्चक्रवर्तितनूभवः ।**

**कथं काननसञ्चारी बभूव क्लेशभाजनम् ॥ २ ॥**

महदिदमाश्चर्यं क्लेशकरं च । हुं, सीतां प्रति न किञ्चिदपि चिन्तयामि । पातिव्रत्यमनुपालयन्त्या सहधर्मिण्या भर्तुरुपनतं सुखं वा दुःखं वा सर्वमप्यनुभोक्तव्यं खलु । तदलं तदनुशोचनेन । एवमेव खलु जगति–

**बाल्ये स्त्र्यपत्यमनपायलवं विलोक्य**

**तल्लालनेन पितरौ परिपोषयन्तौ ।**

**मुग्धां विधाय पुरुषाय धनैः प्रदत्तो**

**यावच्च तावदनयोस्तनयाधिकारः ॥ ३ ॥**

(परितो विलोक्य) हन्त, समलङ्कृतो भरतभक्तिं प्रकाशयति नन्दिग्रामः ।

**रामस्समेष्यति सदार इति प्रहृष्येत्**

**ग्रामं च पत्तनसमं परिकल्प्य भक्त्या ।**

**नानापरिष्करणरम्यतरं सुमृष्ट-**

**मार्गं प्रजापरिवृतो भरतो व्रती सन् ॥ ४ ॥**

## દ્વિતીય અંક

(પછી જનક પ્રવેશે છે.)

જનક - આજે રામ આવશે. અહો ! (કેવો) વિધિનો વિલાસ !
તે જ રામ-

**ચીર વલ્કલ પહેરવાથી તૃપ્ત, રાજ્યયનો વૈભવ ત્યજનાર, જટાધારી, વનમાં લક્ષ્મણ સહિત સીતા સાથે ફરતા (રામ) સદ્ભાગ્યે નગરમાં આવશે. હું સદ્ભાવ્યે જોઈશ. (મળીશ) આમ હશે કે (૧)**

**ચક્રવર્તીના પુત્ર રામ ચૌદ વર્ષ પર્યંત દુઃખને પાત્ર વનં સંચારી (વનમાં ફરનારા) (૨)**

કેમ થયા હશે ? આ ભારે આશ્ચર્યકારક અને દુઃખ પમાડનારું છે. હા ખરે ! સીતા વિષે તો હું કાંઈ ચિંતા કરતો નથી. પતિવ્રત્યને પાળતી સહધર્મિણીએ તો પતિ તરફથી આવેલું સુખ કે દુઃખ બધું જ ખરેખર ભોગવવાનું. તેથી શોક કરવાનો શો અર્થ? જગતમાં આમ જ છે.

**બાળપણમાં સ્ત્રી બાવને સહેજ પણ દૂર નથાય તેમ જોઈ તેને લાલનથી મા બાપ ઉછેરે છે. મુગ્ધા (સોળ વર્ષની) બનાવી (થતાં.) ધન સાથે પુરુષને આપે ત્યાં સુધી એમનો દીકરી ઉપર અધિકાર. (૩)**

(ચોમેર જોઈને) અહો ! શણગારાયેલું નંદિગ્રામ ભરતની ભક્તિ જાહેર કરે છે.

**પત્ની સહિત રામ આવશે. તેથી ભક્તિ થી ગામને નગર સમું બનાવી અનેક પ્રકારની (સાધન સામગ્રીથી અતિ રમણીય, ખૂબ સ્વચ્છ માર્ગે પ્રજાજનોથી વિંટળાયેલો વ્રતધારી ભરત પ્રસન્ન થશે. (૪)**

(परिक्रम्य, नेपथ्याभिमुखमवलोक्य) हन्त, भरतस्तु-

जटी चीरी व्रती धारावह्निपार्श्वे कृताञ्जलिः ।
राममनादिग् भ ागे दत्तदृष्टिश्च तिष्ठति ॥ ५ ॥

यदि विलम्बेत रामः तदत्याहितं भवेत् ।

(ततः प्रविशति यथानिर्दिष्टः सानुजः सामात्यपुरोहितो भरतः ।)

भरतः – (धाराग्निं दृष्ट्वा)

रामोऽपि पावनो लोके भवानपि तथानल ।
तद्दर्शनाय पापोऽहं प्रार्थये त्वां कृताञ्जलिः ॥ ६ ॥

जनकः – (उपसृत्य)

भरत ते रघुपुङ्गवपादयोः
दृढतरा ननु भक्तिरकल्मषा ।
वितनुते मम विस्मयमप्यहो
जगति दुर्लभ एव भवादृशः ॥ ७ ॥

भरतः – किमिदमेवमभिधीयते ? केवलं विडम्बनमिदम् ।

पितृसममहमारादग्रजन्मानमार्यं
विपिनमतिकठोरं प्रेष्य राज्यातिलोभात् ।
रघुवरवरभक्तोऽस्मीति लोकाय पापो
नट इव कटुचित्तो दर्शयाम्यत्र वेषी ॥ ८ ॥

एतादृशो भरतः प्रणमति । (प्रणमति)

जनकः – इष्टसिद्धिरस्तु। वत्स भरत ! नैवं वक्तव्यम् ।

स्वायत्तं राज्यमुत्सृज्य वनवासीव सन्ततम् ।
आचरंस्त्वं व्रतं धन्यो ह्यसिधाराव्रतोपमम् ॥ ९ ॥

(ફરીને, નેપથ્ય તરફ જોઈને) અહો !

**ભરત તો જટધારી, વલ્કલધારી, વ્રતધારી બની અમર જ્યોતની પડખે બે હાથ જોડીરામના આગમનનીદિશામાં મીટ માંડી રહ્યો છે. (૫)**

જે રામ વિલંબ કરશે તો ભારે અહિત થશે.

(પછી બતાવ્યા પ્રમાણે નાનાભાઈઓકે સામાન્ય પુરોહિત સાથે ભરત પ્રવેશે છે.

ભરત - (ધારાગ્નિ જોઈ તે)

**જગતમાં રામ પવિત્ર છે તેમ હે અગ્નિ ! તમે પણ પાવત છો. તેમના દર્શન માટે હુંપાપી બે હાથ જોડીને તમનેપ્રાર્થુ છું. (૬)**

જનક - (પાસે જઈને)

**હે ભરત! રઘુ શ્રેષ્ઠના બંને ચરણોમાં તમારી ખરેખર નિષ્કલંક, દઢ ભક્તિ છે. અહો ! મને આશ્ચર્ય થાયછે કે તમારા જેવો જગતમાં દુર્લભછે. (૭)**

ભરત - આમ કેમ કહોછો ! આ તો કેવળ વિડંબનાછે.

**રાજય પ્રતિ અતિશય લોભને કારણે પિતા સમા મોટાભાઈને અતિકઠોર વનમાં મોકલીહું પાપી લોકો તરફ 'હુંરામનોભક્તછું'એ કટુચિત્તવાળો વેષધારી નટના જેવો દેખાઉં છું. (૮)**

આવો ભરત પ્રણામ કરે છે. (પ્રણામ કરે છે.)

જનક - ઈષ્ટસિદ્ધિહો. ભાઈ ભરત ! આમ ન કહેવું જોઈએ.

**પોતાને અધીન રાજ્ય છોડી સતત વનવાસીની માફક તમે અસિધારાવ્રત સમું વ્રત આચરી રહ્યા છો. (૯)**

शत्रुघ्नः - आर्य !

**प्रतीचीमशमप्युपसरति भास्वानरुणयन्**
**करैर्लाक्षारागैरिव मृदुतरैस्सान्द्रमसृणैः ।**
**क्रमाद्वृक्षच्छाया प्रसरति शनैः पूर्वककुभं**
**समन्तात्सन्तापः प्रशममुपयाति द्युमणिजः ॥ १० ॥**

भरतः - हन्त, नाद्यापि प्रत्यागतो रामचन्द्रः । अन्धकारप्रायं जगत् । (साञ्जलिबन्धमग्निं प्रदक्षिणीकृत्य)

**आश्रयाश ! आश्रये त्वान्तु दुरात्मा साधु साम्प्रतम् ।**
**अशान मां भवन्नाम सम्यक् सार्थय पावयन् ॥ ११ ॥**

वसिष्ठः - मैवमाचर, किञ्चिदनुपालयामः । रामो द्विर्नाभिभाषते, भक्तवत्सलो हि ।

भरतः - (सबाष्पगद्गदम्) आचार्यवर्य ! अलमनुपालनेन । नेच्छामि जीवितुं भ्रातृभ्रातृव्योऽहम् । (बाहुमुद्यम्योच्चैः)

**सन्तुष्टा भव कैकेयि ! चण्डि यामि हुताशनम् ।**
**रामराज्यं भवत्येव स्वीकृत्य भवतु प्रभुः ॥ १२ ॥**

आचार्यवर्य ! पापीयसो भरतस्यान्तिमं प्रणाममङ्गीकृत्य अनुगृहाण मामेनम् । (प्रणमति)

(गगने)

**हे राम राघव सलक्ष्मण दीर्घबाहो**
**पौलस्त्यकण्ठपरिकृन्तनलब्धकीर्ते ।**
**वैश्वानराहुतिपरीक्षितशुद्धिसीता-**
**संसेवितानवरतं विजयीभवास्मैः ॥ १३ ॥**

શત્રુઘ્ન - આર્ય !

**રાતો થતો સૂર્ય પશ્ચિમ દિશા તરફ લાખના રંગ જેવાં અતિમૃદુ, સાન્દ્ર કોમળકિરણો સાથે જઈ રહ્યો છે. અનુક્રમે ધીરે ધીરે છાયા પૂર્વદિશા તરફ ચોમેરથી દ્યુમણિ (આકાશમાં) જનારનો સંતાપ ઓછો થતો જાય છે. (૧૦)**

ભરત - અરેરે ! હજીયે રામચન્દ્ર આવ્યા નહીં. જગત લગભગ અંધકારમયબની ગયું છે. (બે હાથ જોડી અગ્નિની પ્રદક્ષિણા કરી.)

**આશ્રય માટેની આશા રૂપ, હે અગ્નિ! હું દુષ્ટ હવે તમારે શરણે આવું છું. તમે મનેભરખી જાઓ અને સારી રીતે પવિત્ર કરનાર તરીકે સાર્થક થાઓ. (૧૧)**

વસિષ્ઠ - એમ ન કર. આપણે થોડીક રાહ જોઈએ. રામ બેવચની નથી. તે તો ભક્ત વત્સલ છે.

ભરત - (આંસુસહિત ગદ્‌ગદ્ કંઠે) હે આચાર્ય શ્રેષ્ઠ ! ઉપાલંભ કરવો રહેવા દો હું ભાઈના શત્રુ (ભ્રાતૃત્વ) તરીકે જીવવા ઈચ્છતો નથી. (બાહુ ઊંચા કરી મોટેથી).

**હે કૈકયી! સંતુષ્ટ થા. હે ચંડી! હું અગ્નિપ્રવેશ કરું છું. રામરાજ્ય થઈને રહેશે. (રાજ્ય) સ્વીકાર કરીને (રાજા) સ્વામી થાઓ. (૧૨)**

આચાર્યવર્ય ! પાપી ભરતના અંતિમ પ્રણામ અંતિમ પ્રણામ સ્વીકારીને આ મારા ઉપર અનુગ્રહ કરો.

(પ્રણામ કરે છે.)

**લક્ષ્મણ સહિત દીર્ઘબાહુ હે રામ ! પુલત્સ્યના પુત્ર રાવણના કંઠને છેદવાથી કીર્તિ પામનાર રાઘવ આપ્ત જનો સાથે અગ્નિમાં આહુતિ (પ્રવેશ) થી જેવી પવિત્રતાની પરીક્ષા થઈ છે. તેવી સીતા વડે સતત સેવકતા રહી તેમ વિજયી હો. (૧૩)**

(सर्वे सवैलक्ष्यमूर्ध्वं पश्यन्ति ।)

भरतः ( -सह सो [illegible] थाय ऊर्ध्वमवलोक्य सोन्मादम्)

कोऽयं महान् श्रवणयोर्मम वर्षतीह
श्रीरामनाममधुरामृतवर्षधाराः ।
वाणी त्वियं वत ! हठादशरीरिणीति
नैवाद्य वेद्म्यपि तु केनचिदीरितेयम् ॥१४ ॥

(पुनश्च गगने)

आगतो विबुधसेवितो रमा-
वल्लभो रघुवरस्सलक्ष्मणः ।
पुष्पकेन कपिबृन्दवन्दितो
राक्षसेश्वरविभीषणार्चितः ॥ १५ ॥

आञ्जनेयः - (गगनादवतीर्य साञ्जलिबन्धम्) किमु भवानेव भरतः ?

भरतः - अथ किम् ? श्रीरामराज्यापहर्ता भरतोऽस्मि । को भवान् ? हर्षामृताभिवर्षी जीमूत इव सन्निहितः ।

आञ्जनेयः - दासोऽहं रघुपुङ्गवस्य मरुतः पुत्रोऽञ्जनासम्भवः ।

भरतः - तद्दास्यं भवता कथं नु कपिना सम्पादितम् ?

आञ्जनेयः - कानने । सीतान्वेष,णतत्पराय रुदते साह्यैकतानेन मे ॥

भरतः - याता सा क्व नु ?

आञ्जनेयः - रावणेन कटुना नीता ।

भरतः - (सावेगम्) क्वतौ ?

आञ्जनेयः - वञ्चितौ मारीचेन सुदूरगौ ।

(બધા વૈલક્ષ્યપૂર્વક ઊંચે જુએ છે.)

ભરત - (એકાએક ઊભા થઈ ઊંચે જોઈ ઉન્મદપૂર્વક)

**આ કોણ મહાન મારા બંને કાનમાં 'શ્રીરામ' નામના મધુર અમૃતના વરસાદની ધારા વરસાવી રહ્યું છે. અરે ! આ તો હઠથી જણાય છે કે આ દૈવી વાણી છે. આ કોઈ વડે બોલાયેલી વાણી આજે જણાતી નથી. (૧૪)**

(ફરી આકાશમાં)

**પુષ્પક વિમાનમાં વાનર વૃંદથી વંદન કરાતા રાક્ષરાજ વિભીષણથી પૂજાયેલા,દેવોથી સેવાયેલા, લક્ષ્મણસહિત રમા (લક્ષ્મી) ના પ્રિયતમ રઘુવર (રામ) આવી પહોંચ્યા છે. (૧૫)**

આંજનેય - (આકાશમાંથી ઊતરીને બે હાથ જોડી) શું આપ જ ભરત છો?

ભરત - હા. શ્રીરામનું રાજ્યહરનાર હું ભરતછું. આપ કોણ છો? હર્ષ રૂપી અમૃત વરસાવનાર મેઘ સમા આપ નજીક આવ્યા છો..

આંજનેય - હું વાયુપુત્ર, અંજનીનો જન્મેલો રામનો દાસછું.

ભરત - તમે વાનર થઈને દાસપણું કેવી રીતે પામ્યા ?

આંજનેય - વનમાં, સીતાની શોધમાં લાગેલા રડતા તેમને સહાય કરવામાં મેં તત્પર બનીને.

ભરત - તે ક્યાં ગયાં હતાં?

આંજનેય - દુષ્ટ (કટુ) રાવણ ઉપાડી ગયો હતો.

ભરત - (આવેગપૂર્વક) તે બંને ક્યાં હતા ?

આંજનેય - મારીચ વડે છેતારાયેલા તેબંને ખૂબ દૂરગયા હતા.

भरतः - अलमितः श्रोतुं न शक्तोऽस्म्यहम् । हन्त भरतभ्रातः भरतकृते किं किं वा नानुभूतं क्लेशजातमार्येण-

**राज्यभ्रंशः कापथे पादचारः**

**रक्षः पक्षध्वंसनं वञ्चनाप्तिः ।**

**भार्याचौर्यं रावणायोधनं च- हुं स्यादेतत् ?**

**क्रोधात्सीतावह्निपातः किमेतत् ॥ १७ ॥**

आञ्जनेयः - स्यादेतत् प्रथममभिवन्दनीया भवज्जननी ।

भरतः - कोऽयं स्तुतिनिन्दाप्रकारः ?

आञ्जनेयः - न तथा। सा तु यदि न प्रैषिष्यत् महारण्यं प्रति श्रीरामचन्द्रं तदा नाभविष्यदस्माकं तच्चरणारविन्द सेवासौभाग्यम् ।

भरतः - धन्याः खलु भवन्तः । क्वेदानीमार्यरामचन्द्रः ?

आञ्जनेयः - नन्दिग्रामसीमाभूमौ भवन्तमनुपालयति ।

भरतः - कथं मामनुपालयति ? नेदमुचितम्। अयं दासः प्रस्थितः । कः कोऽत्र भोः ?

**चतुरङ्गबलं रघुवंशमणे-**

**रचिरात्परितो व्रजतु प्रसृतम् ।**

**ननु पौरजनोऽपि धृताभरणो**

**लभतां तदवेक्षणजं प्रमदम् ॥ १८ ॥**

वत्स ! श्वेतच्छत्रम् ।

शत्रुघ्नः - सज्जमिह ।

भरतः - (पादुकायुगलं प्रणम्य आदाय शिरसि निधाय) तात ! मारुते, अपि नाम प्रत्युद्गच्छामः ?

(नेपथ्ये - वादित्रघोषः विजयतां श्रीरामचन्द्रः।)

ભરત - રહેવા દો. હવે હું વધુ સાંભળી નહીં શકું. અરે ! ભરતના ભાઈ ! ભરતને કારણે આર્યે શું શું દુઃખ ભોગવ્યા નથી ?

**રાજ્યથી ભ્રષ્ટ થયા. કુમાર્ગે પગે ચાલવાનું થયું. રાક્ષસ દ્વારા પક્ષનો (પડખે રહેનારનો) નાશ થયો. છેતરામણી થઈ. પત્નીની ચોરી થઈ અને રાવણ સાથે યુદ્ધથયું. હં. શું ન થયું? ક્રોધથી સીતાને અગ્નિપાત (પ્રવેશ) આ બધુંશું છે. ? (૧૭)**

આંજનેય - એ બધું છે. પ્રથમ આપની માતાની માતાને વંદન કરવાના છે.

ભરત - સ્તુતિકે નિંદાઓ આ ક્યો પ્રકાર છે ?

આંજનેય - એમ નથી. જો તેમણે રામચંદ્રને મહાઅરણ્યમાં મોકલ્યા ન હોત તો અમને એમના ચરણકમળની સેવાનું સૌભાગ્ય પ્રાપ્ત ન થાત.

ભરત - આપ બધા ધન્ય છો. ક્યાં છે. મોટાભાઈ રામચંદ્ર !

આંજનેય - નંદિગ્રામની ભૂમિમાં આપની રાહ જુએ છે.

ભરત - શું મારી રાહ જુએ છે ? આ યોગ્ય નથી. આ દાસ ઉપડ્યો. કોણ છે અહીં? કોણ છો ?

**થોડી જ વારમાં રઘુવંશમાં શ્રેષ્ઠ રામની ચોમેર ચતુરંગમસૈન્ય ફેલાઈ ચાલવા માંડે. આભરણો ધારણ કરતા નગરજનો પણ તેમના દર્શનથી થતો ભારે આનંદ પામો. (૧૮)**

**વત્સ ! શ્વેત છત્ર ?**

શત્રુઘ્ન - અહીંતૈયાર જ છે.

ભરત - (પાદુકાયુગલનેપ્રણામ કરીલઈને માથાઉપર મૂકી) ભાઈ મારુતિ ! હવે આપણે સામે જઈશું ? (સામૈયું કરીશું ?)

(નેપથ્યમાં વાદ્યઘોષ થાય છે. શ્રી રામચન્દ્રનોવિજય હો.)

आञ्जनेयः - (सबाष्पाञ्जलिबन्धम्)

**धन्यस्स एवेदृशसोदराप्त्या**
**श्रीरामचन्द्रो भुवनैकचन्द्रः ।**
**धन्योऽहमप्यत्र यदीदृशं च**
**दिव्योत्सवं हन्त ! विलोकयामि ॥ १९ ॥**

भरतः - (वसिष्ठजनकौ विलोक्य)

**दासोऽयं भरतो रामपादुकायुगलं पुनः ।**
**समर्प्य तत्पदाम्भोजे लभेय कृतकृत्यताम् ॥ २० ॥**

वसिष्ठः - साधूक्तम् ।

जनकः - धन्यो भवान् ।

शत्रुघ्नः - समलङ्कृता सज्जा शिबिका ।

भरतः - (परिक्रम्य शिबिकायां पादुकायुगलं प्रतिष्ठाप्य) वत्स ! पीताम्बरमानय । आयान्तु नाम रथेन मातरः ।

शत्रुघ्नः - (आनीय) इदमानीतम् । (दत्त्वा) रथेन गन्तुं सज्जा मातरः ।

भरतः - (पादुकायुगलमलङ्करोति समलङ्कृतो गजराजः प्रविश्य करेण पुष्पमालामर्पयति । भटाः शिबिकां स्कन्धतलम् आरोप्य परिक्रामन्ति । भरतः श्वेतच्छत्रं तदुपरि बिभर्ति । शत्रुघ्नाञ्जनेयौ तदुभयपार्श्वयोश्चामरे बिभ्रतः । वसिष्ठजनकादयोऽग्रतो गच्छन्ति । तदग्रतो वादित्रघोषः ।)

भरताञ्जनेयौ

**विजयमवाप्नुहि सूर्यकुलोद्भव**
**नतजनतार्तिहराद्भुतवैभव ।**
**जनकसुताकरपल्लवलालित**
**प्रणतलक्ष्मणसेवितपादविभो ॥ २१ ॥**

આંજનેય - (આંસુ સહિત બે હાથ જોડીને)

**જગતના એક માત્ર ચંદ્ર (આનંદ આપનાર). શ્રી રામચંદ્ર આવો ભાઈ પામીનેખરેખર ધન્યછે. હું પણ ધન્ય છું કેઅહો !આવો દિવ્ય ઉત્સવ જોઈ રહ્યો છું. (૧૯)**

ભરત - વશિષ્ઠ અને જનકને જોઈને)

**આ દાસ હુ ભરત ફરી રામનીબંને પાદુકાઓ તેમના ચરણ કમળમાં અર્પણ કરીને કૃતકૃત્યતા પામીશ. (૨૦)**

વશિષ્ઠ - બરાબરકહ્યું.

જનક - તમે ધન્ય છો.

શત્રુઘ્ન - શણગારાયેલી શિબિકા (પાલખી) તૈયાર છે.

ભરત - (ફરીને શિબિકામાં બંને પાદુકાઓ પધરાવીને) હે વત્સ ! પીતામ્બર લાવ. માતાઓ રથમાં ભલે આવે.

શત્રુઘ્ન - (લાવીને) આઆવ્યો. (આપીને) માતાઓ તૈયાર થઈ રથમાં જાય.

ભરત - બંને પાદુકાઓને શણગારે છે. ગજરાજ સારી રીતે શણગાર્યો છે. પ્રવેશીને પુષ્પમાળા અર્પણ કરે છે. સૈનિકો ખભે ઉપાડી ચાલે છે. ભરત તેની ઉપર શ્વેત છત્ર ધારણ કરે છે. શત્રુઘ્ન અને આંજનેય(હનુમાન) તેનીબંનેબાજુએ ચામરઢોળી રહ્યાછે. વશિષ્ઠ જનક વગેરે આગળ જાય છે. તેથી આગળ વાદ્યોનો ઘોષ થાય છે.

ભરત અને આંજનેય

**હે સૂર્યકુળમાં જન્મેલા, નમસ્કાર કરતી જનતાના દુઃખને હરવાના અદ્‌ભુત વૈભવ વાળા, જનકપુત્રી (સીતા) ના કરપલ્લવથી લાલિત, નમેલા લક્ષ્મણ વડે સેવાયેલા ચરણવાળા વિભુ - પરમાત્મા વિજય પામો. (૨૧)**

(इत्युच्चैः पठतः । सर्वे मन्दं परिक्रामन्ति ।)

भरतः - (नेपथ्याभिमुखमवलोक्य) हन्त ! आर्य रामचन्द्र, किंन्विदम्,

**हे स्वामिन् जटिलजटापिनद्धमूर्धा**

**क्लिष्टाङ्गस्तपनखरातपातिचारात् ।**

**मालिन्यं वपुषि जगद्विनिन्द्यमेतत्**

**स्यादेवं किमु शुभविग्रहे तवार्य ॥ २२ ॥**

हन्त द्रष्टुं न पारयामि । (छत्रं निपात्य मूर्छितः पतति ।)

आञ्जनेयः - (सबाष्पगद्गदम्) तात भरत ! श्लाघनीयोऽसि एतादृश्या भ्रातृभक्त्या । (इति वीजयति)

भरतः - (लब्धसंज्ञः सन् मन्दमुपविश्य सबाष्पम्)

**पीताम्बरोचितममूल्यविभूषणैक-**

**योग्यं सुगन्धिनवचन्दनलेपनार्हम् ।**

**अत्यन्तकोमलसुतल्पतले निवेश्यं**

**पश्यामि विग्रहमहो तव संप्रतीत्थम् ॥ २३ ॥**

भरतमन्तरा नहि जगति तावदीदृशः पापीयान् ।

आञ्जनेयः - (सबाष्पम्) उत्तिष्ठ भवन्तमनुपालयति रामचन्द्रः । (उत्थाप्यति) (सर्वे सबाष्पगद्गदं पश्यन्ति । भरतः गृहीतच्छत्रः सर्वैः परिक्रामति ।)

(ततः प्रविशति पुष्पकवमाने भद्रासनोपविष्टः सीताङ्को रामः ।)

(બંને મોટેથી બોલે છે બધા ફરે છે.)

ભરત - (નેપથ્ય તરફ જોઈને) અરે ! આર્ય રામચંદ્ર ! આ શું ?

**હે સ્વામી ! તમે જટિલ (ગૂંચવાયેલી) જટા મસ્તક ઉપર બાંધી છે. સૂર્યનાપ્રખર તાપને વધુ પડતોસેવવાથી અંગો ક્લિષ્ટ થયાંછે. દેહ ઉપર મલિનતા છે. આ બધું જગત માટે વિશેષ નિંદનીય છે. હે આર્ય ! આ શું તમારા શુભ દેહ ઉપર આમ હોઈ શકે કે ? (૨૨)**

અરે ! હું જોઈ શક્તો નથી. (છત્ર ફેંકી મૂર્છા પામે છે. (પડે છે.)

આંજનેય - આંસુ સહિત ગદ્ગદ્ થઈ) હે ભાઈ ભરત ! આવી તમારી ભાઈ પ્રતિભક્તિથી પ્રશંસનીય છો. (વાયુ ઢોળે છે.)

ભરત - (ભાનમાંઆવતાધીમેશ્રીબોલી આંસુ સહિત)

**હવે પીતામ્બરને ઉચિત, અમૂલ્ય વિભૂષણો માટે એક માત્ર યોગ્ય, સુગન્ધિ તાજા ચંદનના લેપ માટે યોગ્ય, તમારા દેહને હવે અહો અતિ સુકોમળ સારી પથારીમાં મૂકાયેલા જોઈશ. (૨૩)**

ભરત સિવાય જગતમાં તો બીજો કોઈ પાપી નથી.

આંજનેય - (આંસુસહિત) ઉભા થાઓ. રામચંદ્ર તમારી પ્રતીક્ષા કરે છે.

(ઊભો કરે છે.) (બધાં આંસુસહિત ગદ્ગદ્ થઈ જુએ છે. ભરત છત્ર પકડીબધાં.ની સાથે ફરે છે.)

(પછી પુષ્પક વિમાનમાં ભદ્રાસન ઉપર બેઠેલા ખોળામાં સીતાવાળા રામ પ્રવેશે છે.)

रामः - (भरतमवलोक्य सबाष्पगद्गदम्) प्रिये जानकि !

अपि नाम पश्यसि वत्सं भरतम्-

**मत्पार्श्वे त्वमसि प्रिया मदनुजः श्रीलक्ष्मणः किङ्करः**
**कोऽयं मे वनवास इत्यपि वचो लोके तु हास्यास्पदम्।**
**मद्भ्राता भरतोऽयमत्र निवसन्मत्तोऽपि कष्टव्रतः**
**क्लिश्यन्मत्कृत एव दुष्करतपः शीर्णोऽस्ति पश्याग्रतः ॥२४॥**

सीता - न पारयामि वत्सं भरतमीदृशं द्रष्टुम्। (बाष्पमुत्सृजति)

भरतः - (छत्रं शत्रुघ्नसात्कृत्य बद्धाञ्जलिपुटो मन्दमुपसर्पति ।)

रामः - (सीतां विहाय सहसोत्थाय विमानादवरुह्य सत्वरमुपसृत्य बाहुभ्यां भरतं दृढतरमालिङ्गति ।)

उभौ - (मौनमवलम्ब्य परस्परं सबाष्पं मुखमवलोकमानौ गद्गदितकण्ठौ तिष्ठतः । तत्रत्यास्सर्वेऽपि समौनं बाष्पगद्गदस्फुरिताधराः तिष्ठन्ति ।)

रामः - (गद्गदस्फुटिताक्षरम्) वत्स... वत्स... भरत ईदृशावस्थं भवन्तं किमु पृच्छेयम् अपि कुशलमिति । जिह्वा परावर्तते वत्स । जिह्वा परावर्तते । (भरतमस्तकं परामृशति ।)

भरतः - आर्य! मुञ्चतु भवान् प्रथमं माम्। भवच्चरणसरसिजयोः मूर्धानममुं निधाय पूतः भवेयम्।

रामः - वत्स, अननुभूतपूर्वहर्षप्रकर्षं कथमिदं मुञ्चेयमालिङ्गनम्। तात भरत, किं कथयेयं नाधिरोहति मे हृत्पथम्।

રામ - (ભરતને જોઈને આંસુ સહિત ગદ્‌ગદ્ થઈ) હે પ્રિયે જાનકી!

શું તમે વત્સ ભરતને જુઓ છો ને?

**મારી પડખે તું પ્રિયા છો. મારો નાનોભાઈ લક્ષ્મણ સેવક છે. (તો) આ મારો વનવાસ શેનો? એ વચન લોકોમાં તો હાસ્યાસ્પદ છે. આ અહીં રહેતો મારો ભાઈ ભરત મારાથી ઘણો કષ્ટદાયક (ભારે) વ્રત પાળે છે. મારે ખાતર દુઃખીથતો. દુષ્કર તપ કરતો ગળી ગયો છે તો તું આગળ (સામે) જો. (૨૪)**

સીતા - આવાભાઈભરતનેહુંજોઈ શકતી નથી. (આંસુ સારે છે.)

ભરત - (છત્રશત્રુઘ્નને સોંપીબે હાથજોડી ધીમેથી પાસે જાય છે.)

રામ - (સીતાને છોડી એકાએક ઊભા થઈ વિમાનમાંથી ઊતરી વેગે પાસે જઈ બે બાહુથી ભરતને ખૂબ ગાઢ આલિંગેછે.)

બંને - (મૌનજાળવી પરસ્પર આંસુ ભર્યું મુખ જોતાગદ્‌ગદ્ કંઠવાળા બનીઊભા રહે છે. ત્યાં રહેલા બધા લોકો પણ મૌનપૂર્વક આંસુથી ગદ્‌ગદ્ થવાથી ફરકતા હોઠવાળા બનીઊભા રહે છે.

રામ - (ગદ્‌ગદ્ કંઠે અસ્પષ્ટ અક્ષરોમાં) હે વત્સ ! વત્સ ! ભરત ! આવી દશાવાળા તને હું શું પૂછું ? શું તું કુશળ છે? એમ (પૂછતાં) જીભ પાછી પડે છે. વત્સ ! જીભ પાછીપડે છે. (ભરતના મસ્તકને પંપાળે છે.)

ભરત - આર્ય ! પહેલા આમ મને છોડો. આપના ચરણ કમળોમાં આ મસ્તકમૂકીને હું પવિત્ર થાઉં.

રામ - હે વત્સ !ભારે હર્ષનીઉત્કટતાવાળું પહેલાં ક્યારેય ન ભોગવેલું આ આલિંગન હું કેવી રીતે છોડું? હે ભાઈ ભરત ! શું કહેવું એ મારા હૈયાના માર્ગે ચડતું નથી.

भवत्प्रत्यभिज्ञैव-

**शिरीषसुमकोमलं स्थपुटमांसलं मञ्जुलं**
**नवोज्ज्वलकनद्रुचिप्रसृतकान्तलावण्यकम्।**
**शरीरमिदमद्य ते नहि दृशानया वीक्षितुं**
**सकीकसमहं कथं कथय वत्स शक्तो नु हा ॥ २५ ॥**

(तच्छरीरं परामृशन् बाष्पमुत्सृजति ।)

भरतः - (सगद्गदम्) आर्य कथं कथयेयं भवद्दयाम्? प्रभो ! एतद्भरतसत्तापालनार्थं कियता कृच्छ्रेण सत्वरमायाताम् आर्येण? कथमिव कथयेयं भ्रातृवात्सल्यं प्रभो रामचन्द्र-

**मयि न्यस्तं भुवो भारं संक्राम्य त्वयि सांप्रतम्।**
**पारतन्त्र्यस्य काष्ठां तामूढ्वा स्यां सुकृती कृती ॥ २६ ॥**

(शिबिकातः पादुकायुगलमादाय रामचरणयोः समर्प्य सीतां प्रणमति ।)

सीता - वत्स चिरञ्जीव । भ्रातृभक्तिस्ते कण्टकितमातनोति मे गात्रम्। (रामः सीतया सह वसिष्ठजनकौ प्रणमति ।)

वसिष्ठः - दिष्ट्या विजयी प्रतिनिवृत्तोऽसि। पट्टाभिषिक्तो भव।

जनकः - उत्तीर्णवनवासक्लेशपारावारोऽसि। दिष्ट्या पश्यामि सादरं भवन्तम्।

रामः - सर्वं तत्रभवतामनुग्रहात्। (सीतया सह जननीः प्रणमति ।)

कौसल्या - (सबाष्पम्) वत्स ! मत्कृते तावदनुभूतो महान् क्लेशः। इतः परं राज्यसौख्यमनुभुंक्ष्व ।

रामः - (सस्मितम्) अम्ब! भरतक्लेशे तावन्न मे क्लेशलेशोऽपि।

सुमित्रा - वत्स राम ! प्रमादाद्वत्सेन लक्ष्मणेन न प्रदर्शिता किमु कैङ्कर्ये निरुत्साहिता ।

તારી પ્રતિજ્ઞા જ.

**શિરીષ પુષ્પ સમું કોમળ, ભરાવદાર (માંસલ), મંજુલ (સુંદર), નવા, ઉજ્જવળ, સોનાના વર્ણ જેવી ફેલાયેલી કાન્તિને લીધે લાવણ્ય યુક્ત. આ દેહને આ આંખે હાડપિંજર સમું હું હે વત્સ!કેવી રીતેજોવા સમર્થ બનું? (૨૫)**

(તેનાદેહને પંપાળતાં આંસુ સારે છે.)

ભરત - (ગદ્‌ગદ્ થતાં) હે આર્ય ! હું તમારી દયા કેવી રીતે કહું? હે પ્રભુ! આ ભરતનીસમા પામવા મારી આપ કેવા ભારે કષ્ટે જલ્દી આવ્યા? હે પ્રભુ !રામચંદ્ર!હું ભાઈ પ્રતિ વાત્સલ્યને કેવી રીતે કહું (વર્ણવું)?

**મારા ઉપર નાખેલો ભૂમિનો ભાર. હવે તમારાઉપર નાખી. પરતંત્રતાની ચરમસીમા વહીને હું ભારે પુણ્યશાળી બનીશ. (૨૬)**

(પાલખીમાં થીબંને પાદુકાઓ લાવી રામના બંને ચરણોમાં સોંપી સીતાને પ્રણામ કરે છે.)

સીતા - વત્સ ! લાંબુ જીવો. તારી ભાઈ તરફનીભક્તિ મારા દેહને રોમાંચિત કરેછે. (સીતા સાથે રામ વસિષ્ઠ અને જનકને પ્રણામ કરે છે.)

વસિષ્ઠ - સદ્ ભાગ્યે વિજયીબની પાછા ફર્યા છે. હવે પદ્દાભિષેક થો.

જનક - તમે વનવાસનાદુઃખ સમુદ્ર પાર કરી ગયા છો. સદ્‌ભાગ્યે હું આદરથી તમને જોઉં છું.

રામ - બધું જ આફના અનુગ્રહથી થયું. (સીતા સાથે માતાઓને પ્રણામ કરેછે.)

કૌશલ્યા - (અશ્રુસહિત) હે વત્સ ! મારે ખાતર તે ભારે દુઃખ ભોગવ્યું. હવે તું રાજ્યનુંસુખ ભોગવ.

રામ - (સ્મિતપૂર્વક) હે મા !રત્નના દુઃખ આગળ મારું દુઃખ તો ઘણું થોડું ગણાય.

સુમિત્રા - વત્સ રામ ! શું પ્રસાદથી પણ વત્સ લક્ષ્મણે સેવામાં નિરુત્સાહ તો દાખવ્યો નથી ને ?

रामः - (सबाष्पम्) अम्ब ! किं कथयेयं कथमनृणी भवेयम् ? अयमेव मे पिता नानुजः ।

सुमित्रा - दिष्ट्या धन्यास्मि ।

वसिष्ठः - राम परस्परं दाशरथ्योर्दर्शनेन सन्तुष्टा वयम् । तद्याहि पट्टाभिषेकमहोत्सवाय ।

रामः - यथादिशति भगवान् ।

वसिष्ठः - वत्स भरत ! आसीद् दाशरथिदर्शनम् । किं ते भूयः प्रियमुपहरामि ?

भरतः - आचार्यवर्य-

**रामोऽपि नगरीमेत्य भविष्यत्यभिषेचितः ।**
**पारतन्त्र्यं तु मे सिद्धं किमितोऽप्यस्ति मे प्रियम् ॥**

तथापीदमस्तु

(भरतवाक्यम्)

**भूपालाः परिपालयन्तु भुवनं न्याय्येन सम्यक् पथा**
**स्याद्गोब्राह्मणमण्डलाय कुशलं लोकोऽस्तु नित्यं सुखी।**
**कासारा रसपूरिता विटपिनः पुष्पैः फलैः संभृताः**
**सस्याढ्या धरणिश्च सन्तु समये वर्षन्तु धाराधराः ॥ २७ ॥**

**(निष्क्रान्तास्सर्वे)**

**॥ इति द्वितीयोऽङ्कः ॥**

**जग्गूवकुलभूषणमहाकविकृतं**
**दाशरथिदर्शनं नाम नाटकं**
**सम्पूर्णम् ।**

● ● ●

રામ - (આંસુસહિત) હે મા ! હું શું કહું ? હું કેવી રીતે ઋણહીન થીશ ? આ ચો મારા પિતા છે, નાનો ભાઈ નહીં.

સુમિત્રા - સદ્ભાગ્યે હું ધન્ય થઈ.

વસિષ્ઠ - હે રામ !એકબીજાને મળેલા દશરથના પુત્રોને જોઈ અમને સંતોષ થયો. તો પટ્ટાભિષેક મહોત્સવ માટે પધારો.

રામ - જેવી ભગવાનની આજ્ઞા.

વસિષ્ઠ - વત્સ ભરત! દશરથનાપુત્રોનું મિલનથઈગયું. હવે શું તમારું પ્રિય કરું ?

ભરત - આચાર્ય શ્રેષ્ઠ

**નગરીમાં આવીને રામ પણ અભિષિક્ત થશે. મારી પરતંત્રતા તો સિદ્ધ થઈ ગઈ હવે આનાથી મને બીજું શું પ્રિય હોય ?**

તો પણ આમ થાઓ.

**રાજાઓ સારી રીતે ન્યાયના માર્ગે જગતનું પાલન કરે. ગાય- બ્રાહ્મણ સમુદાયનું કુશળ હો. લોકો હંમેશાં સુખી હો. જળાશયો જળ ભર્યા હો. વૃક્ષો પુષ્પો અને ફળોથી લચી પડો. ધરતી અનાજથી છવાયેલી હો અને વાદળો યથા સમયે વરસો. (૨૭)**

(બધા જાયછે.)

બીજો અંક સમાપ્ત

જગ્ગૂ બકુલભૂષણ મહાકવિ રચિત દાશરથિદર્શન નામે નાટક સંપૂર્ણ

●●●

# यौवराज्यम् नाम एकाङ्कं रूपकम्

(नान्द्यते सूत्रधारः)

सूत्रधारः - आन्तरध्वान्तनाशाय निर्मलालोकवृद्धये ।

उपास्महे महो भवत्या किमप्याम्नायगोचरम् ॥१ ॥

(सानन्दं परिक्रम्य) एवमार्यमिश्रान् विज्ञापयामि-

नानानाटकनिर्माता यः कोविदमुदावहः ।

स एवास्यापि कर्ता हि जग्गूवकुलभूषणः ॥ २ ॥

(नेपथ्ये)

आर्य, समाश्वासयतु समाश्वसयत्वेनाम्।

कमलवनतिरोहितस्स हंसः

स्मरति न हा विरहातुरां मरालीम् ।

सूत्रधारः - किंनु खल्विदम् ? (परिक्रम्य, अवलोक्य) प्रमदवनगते यमूर्मिलायाश्चेटी वकुलिका खिन्नेव । पश्यामस्तावत् । (निष्क्रान्तः)

(नेपथ्ये)

वत्से, अलं कातर्येण

विहरति समुपागतोऽधुनायं

सरसितया प्रियया समन्द्रनादः ॥३ ॥

(स्थापना)

(ततः प्रविशत्यवरोधगतोर्मिला)

ऊर्मिला - किंनु खलु अद्याप्यार्यपुत्रो व सन्निहितः ।

चेटी - (प्रविश्य) भट्टिनि, सन्निहितः ।

# યૌવરાજ્ય એકાંકી રૂપક

(નાન્દીના અંતે સૂત્રધાર)

સૂત્રધારઃ - **અંતર અંધકારનો નાશ કરવા અને કરવા અનેનિર્મળ આલોક (પ્રકાશ) ની વૃદ્ધિ માટે અવર્ણનીય આમ્નાય (વેદોથી) ગોચર (પ્રાપ્ત થનાર) તેજની ભક્તિ થી ઉપાસના કરીએ છીએ. (૧)**

(આનંદપૂર્વક ફરીને) આમ, હું આપ સજ્જનોને વિ નવું છું.-

**જેણે અનેક નાટકો રચ્યાં છે. જે વિદ્વાનોને આનંદ આપે છે તે જ બકુલભૂષણ જ આનો પણ કર્તા છે. (૨)**

(નેપથ્યામાં)

હે આર્ય! આશ્વાસન આપો એને આશ્વાસાન આપો.

કમલવનમાંછુપાયેલ હો (તે હંસે વિરહથીદુઃખી હંસીને) અરેરે ! યાદ કરતો નથી.

સૂત્રધાર - આ શું હશે ? (ફરીને જોઈને) પ્રમદવનમાં ગયેલી ઊર્મિલાની દાસી બકુલિકા ખિન્ન લાગે છે. જોઈએ તો. (જાય છે.) (નેપથ્યમાં) હે દીકરી! ડર નહીં.

**આ એ પુષ્કળ આનંદ ભર્યો અવાજ કરતો તે કલરવ કરતી પ્રિયતમા સાથે વિહાર કરતો આવી રહ્યો. (૩)**

(સ્થાપના)

(પછી અંતઃપુરમાં રહેલી ઊર્મિલા પ્રવેશે છે.)

ઊર્મિલા - હજીય આર્યપુત્ર કેમ આવ્યા નહીં ?

ચેટી - (પ્રવેશીને) સ્વામિની ! એ નજીક જ છે.

ऊर्मिला - कःसिंनिहितः ?

चेटी - कमलवनान्तरितः स मरालः ।

ऊर्मिला - दिष्ट्या प्रिये मे । हञ्जे, वकुल के, विस्तारय अष्टापदयमष्टापदम् ।

चेटी - (तथा कृत्वा) निक्षिप्ता शारिवेटिकाऽपि । (नेपथ्यर्तममुखमवलोक्य)

अहो, इत एवागच्छति तन्मरालमिथुनाम् । (ततः प्रविशति हंसमिथुनम्)

ऊर्मिला - दिष्ट्या पुनरपि संगतासि वल्लभेन । (हंसमादाय चुम्बति) हंसः ऊर्मिलामुस्सरति)

ऊर्मिला - (ऊर्मिला हंसमायाते) एन्तं वल्लभामुज्झित्वा पुनरपि मा गच्छ कमलवनम्) एषा वियोगखिन्ना भवति । (इति परिचुम्ब्य विसृजति)

लक्ष्मणः - (प्रविश्य) सत्तमः खल्वरण्यवास एव यन्मध्येव प्रावहम् विष्णुपदीवैकवेणी आर्यचरणारविंदाशिश्रूषा। हन्त । इदानी तु त्रिधा विभक्तिः अथवा बहुधा) (विलोक्य स्तम्भान्तर्हित स्तिष्ठति) हंसी प्रियमनवलोक्य सभयं परितः पश्यति)

ऊर्मिला - (हंसीमादाय) किं त्वमहमिव ।

लक्ष्मणः - (हंसाणि स सृत्य ) अथ किम ? अथ किम् ? (स्मयते)

ऊर्मिला - (सौदास्यम्) किं त्वमन्यद् ।

लक्ष्मणः - वकुलिके! प्रापय मिथुनमेतत् कनकदीर्घिकाम् ।

चेटी - तथा (मिथुनमादाय निष्क्रान्ता)

ઊર્મિલા - કોણ નજીક આવી રહ્યું છે ?

ચેટી - કમલવનમાંછુપાયેલો કે હંસ આવીરહ્યો છે.

ઊર્મિલા - સદ્ભાગ્યે એ મને ગમ્યું. અલી. બહુલિકા ! આ શતરંજ ફેલાવ શતરંજ (અષ્ટાપદ)

ચેટી - (તેમ કહીને) આ સોગઠાંની પેટી પણ મૂકી.

(નેપથ્ય તરફ જોઈને)

અહો ! એ હંસયુગલ આ બાજુ જ આવી રહ્યું છે. (પછી હંસનું જોડું પ્રવેશે છે.)

ઊર્મિલા - સદ્ભાગ્યે તું પ્રિયતમનેફરીથી પામી છો. (તેનીપાસે તું જોડાઈ છો.) (હંસીને લઈને ચૂમે છે. હંસ ઊર્મિલાની પાસે જાય છે.)

ઊર્મિલા - (હંસને લઈને) આ પ્રિયતમાને ત્યજીને ફરીને કમલવનમાં જતો નથી. વિયોગથી આ ખિન્ન થાય છે. (ચુંબન કરીને છોડી દે છે.)

લક્ષ્મણ - (પ્રવેશીને) ખરેખરે અરણ્યવાસ તો ઉત્તમ છે. તેથી મારા પ્રતિ વિષ્ણુપદી (ગંગા) જેવી એક ધારાપ્રવાહવાળી મોટા ભાઈનો ચરણકમળની સેવી વહેતી હતી. અરે ! હવે તો તે ત્રણમાં વહેંચાઈ ગઈ અથવા ઘણા પ્રવાહમાં વહેંચાઈ ગઈ. (જોઈને થાંભલાની પાછળ સંતાઈને ઊભો રહે છે.)

(હંસ લક્ષ્મણ પાસે જાય છે.)

(હંસી પ્રિયતમને ન જોતાં ભયપૂર્વક ચોમેર જુએ છે.)

ઊર્મિલા - (હંસીને લઈને) શું તું પણ મારી માફક !

લક્ષ્મણ - (હાથમાં હંસલઈ પાસે જઈને) હા હા (સ્મિત કરે છે.)

ઊર્મિલા - (ઉદાસીનતાપૂર્વક) અહીં પણ શું બીજું ?

લક્ષ્મણ - બકુલિકા ! આ જોડાને કનકદીર્ઘિકા (પાવડી) માં પહોંચાડ.

ચેટી - ભલે (હંસ મિથુનલઈને જાય છે.)

लक्ष्मणः – (सस्मितम्)

ननु मानिनि लोककुन्तलालि

क्षितिनिक्षिप्तविनिश्चलासिताक्षम्।

अतिताम्रकपोळमाननं ते

हृदयं मेऽद्य चमत्करोति कान्ते ॥ ४ ॥

(विलोक्य) आम, विस्तृतमष्टापदम्। एह्येहि। (बाहू गृहीत्वा कर्षति)

ऊर्मिला – (सस्मितमुपगूह्य) ह्यः कथितं विस्मृतमिव ?

लक्ष्मणः – न खलु विस्मृतम्। सज्जोऽस्मि। (तां पर्यङ्कमारोपयति)

ऊर्मिला – (समन्दस्मितं शारिवृन्दमष्टापदे क्रमशो निक्षिप्य) अपि भवतु परिणायः ?

लक्ष्मणः – हरितहरिद्रे मदीये खलु।

ऊर्मिला – तथैव भवतु।

लक्ष्मणः – तर्हि त्वदीया राक्षसाः।

ऊर्मिला – (सावेगम्) किं नु खल्वत्राऽपि राक्षसनामग्रहणम्।

लक्ष्मणः – (सस्मितम्) ननु, अनयैव क्रीडया राक्षसैः सह युद्धमार्यस्य दर्शयाम इति।

ऊर्मिला – (सस्मितम्) यथार्यपुत्र एव निर्जितो भवेत्।

लक्ष्मणः – हन्त, कृतहस्तेव क्रीडायाम्। भवतु भवतु, पश्यामः।

(उभौ क्रीडतः)

कञ्चुकी – (प्रविश्य सानन्दम्) सत्तमं खल्वस्माकं दीर्घमायुष्यम्।

जानुभ्यां मणिकुट्टिमेषु विचरन्नायासयन् वार्धकं

यो बाल्ये परिलालितः प्रमुदितैरस्माभिरालोकितः।

सोऽयं संप्रति तीर्णविघ्नजलधिः पट्टाभिषेकाञ्चितो

दिष्ट्यानेन विलोक्यते जनकजाभर्ता प्रभुश्चक्षुषा ॥ ५ ॥

લક્ષ્મણ - (સ્મિતપૂર્વક)

**હે ચંચળ કેશ લટોવાળી માનિની! ભૂમિ ઉપર સ્થિર નજર માંડી રહી છે. તારું અતિ રક્તવર્ણા ગાલ વાળું મુખ,હે પ્રિય ! મારા હૃદયને આશ્ચર્ય પમાડે છે. (૪)**

(જોઈને) ભલે, આ સોગઠાં બાજી ફેલાવી છે. તો આવ આવ. (બંને પકડીને ખેંચે છે .)

ઊર્મિલા - (સ્મિતપૂર્વક ભેટીને) ગઈકાલે કહ્યું હતું તે શું ભૂલી ગયા?

લક્ષ્મણ - ભૂલી નથી ગયો. હું તૈયાર છું. ( પલંગ ઉપર બેસાડે છે.)

ઊર્મિલા - (મંદ સ્મિતપૂર્વક ક્રમશઃ સોગઠાંને અષ્ટાપદ ઉપર નાખીને ભલે પસંદ કરી લો.)

લક્ષ્મણ - લીલા પીળા પારા.

ઊર્મિલા - ભલે.

લક્ષ્મણ - તો રાક્ષસ (કાળાં) તારા

ઊર્મિલા - (આવેગપૂર્વક) શું અહીં પણ રાક્ષસનું નામ લેવાનું

લક્ષ્મણ - (સ્મિતપૂર્વક) હા આ જ ક્રીડા સાથે રાક્ષસો સાથે આર્યનું યુદ્ધ બનાવીશ.

ઊર્મિલા - (સ્મિતપૂર્વક)તો તો આર્યપુત્ર વિજયી થશે.

લક્ષ્મણ - અહો ! તું પણ રમવામાં નિપુણ છો. ભલે ભલે જોઈએ (બંને રમે છે.)

કંચુકી - (પ્રવેશીને આનંદપૂર્વક) અમારું લાંબુ આયુષ્ય ઉત્તમ છે.

**મણિજડિત ભૂમિ ઉપર ઘુંટણિયાં ભરતા ઊભા થવા ગયા જેને બાળપણમાં આનંદિત થતા જોયા છે. તે આ વિઘ્નોના સાગરને પાર કરી અત્યારે પટ્ટાભિષેક કરાયેલા જનકના મ્યાઉં, સ્વામીને આ સાથે હું સદ્ભાગ્યે આમ જોઈ રહ્યો છું. (૫)**

(परिक्रम्यावलोक्य) हन्त, दिष्ट्या कुमारमेवं पश्यामि ।

भवतु भवतु, सुकृती खल्वयमेव-

**महारण्ये धीमानयमनुसरन् राममनघो**
**विहायैनां जायां प्रतिकलमपीड्यन् परिचरन् ।**
**अहोरात्रं क्लेशैर्ग्लपिततनुरप्यद्भुततनुं**
**रघूत्तंसं पश्यन् क्षणवदनयद्दीर्घसमयान् ॥ ६ ॥**

(उपसृत्य) जयतु कुमारः ।

लक्ष्मणः - (सस्मितम्) अथकिम्, प्राप्तजयोऽस्मि । (अक्षद्वयं प्रक्षिपति) (ऊर्मिला सलज्जमुत्तिष्ठति)

कञ्चुकी - कुमारं द्रष्टुमिच्छति ।

लक्ष्मणः - कः ?

कञ्चुकी - महाराजः ।

लक्ष्मण - (उत्थाय) कथं, महाराजः मां द्रष्टुमिच्छति ? न त्वार्यं भरतम् ? नापि वत्सं शत्रुघ्नम् ?

कञ्चुकी - नहि तौ ।

लक्ष्मणः - **संस्कारवशतस्तेन समाहूतोऽस्मि साम्प्रतम् ॥**
**यथा कथं वाप्यार्यस्य स्मृतावस्मीत्यहं कृती ॥ ७ ॥**

(परिक्रम्य) आर्यजाबाले, क्व महाराजः ।

कञ्चुकी - वैडूर्यशालामलङ्करोति । अनेन काञ्चनप्रतीहारेण प्रविशतु कुमारः ।

लक्ष्मणः - तदा धन्यो भवेयं, यद्यत्राप्यात्मनः सर्वसेवासु नियोजयेत् दासजनम् (परिक्रामति)

(ततः प्रविशति सीतया सह भद्रासनोपविष्टो रामः)

અહો ! સદ્ભાગ્યેહુંકુમારને જોઉંછુ.

ભલે ભલે તે આ પુણ્યશાળી છે.

**યહા અરણ્યમાં રામને અનુસરના આ ધીયાને હરક્ષણે પત્નીને ત્યજીને પીડાનઅનુભવના સેવન કરતા હતા. દુઃખથી દેહ ગળવા છતાં અદ્ભુત દેહવાળા છતાં રઘુનાં રાત દિવસ દર્શન કરતાં કરતાં ક્ષણની માફક લાંબા દિવસો તેમણે પસાર કર્યાછે. (૬)**

(પાસે જઈને) કુમારનો જય હો.

લક્ષ્મણ - (સ્મિતપૂર્વક) હા હુંવિજયી થયોછું. (બે પાસા નામે છે.) ઊર્મિલા લજ્જાપૂર્વક ઊભી રહે છે.)

કંચુકી - કુમારનેમળવામાગેછે.

લક્ષ્મણ - (ઊભો થઈ) શું ? મહારાજ? મને મળવા માગે છે? આર્યભરતને નહીં તે વત્સ શત્રુઘ્નને નહીં?

કંચુકી - ના.એબંનેનેનહીં.

**લક્ષ્મણ - મને ટેવને કારણે જ અત્યારે બોલાવ્યો હશે. ગમે તે રીતે મોટાભાઈની સ્મૃતિમગ્ન છું તેથી કૃત્યછું. (૭)**

(ફરીને) વડીલ જાબાલિ ! મહારાજ ક્યાં છે.

કંચુકી - વૈદૂર્યશાળાનેશોભાવેછે.) આ કાંસન પ્રતીહાર સાથે કુમાર પ્રવેશો.

લક્ષ્મણ - જો મને ગમે તેરીતેપોતાનીબધી સેવામાં દાસ જનને મૂકે તો ભદ્રાસન ઉપરબેઠેલા રામ પ્રવેશે છે.

(પછી સીતા સાથે ભદ્રાસનઉપર બેઠેલા રામ પ્રવેશેછે.)

राम: – अयि, सत्रक्षेत्रसम्भूते, अप्यधुना ते मन: प्रसन्नम् ।

सीता – चिराच्चक्रवर्तित्वपिशुनं सिंहासनं लब्धमार्यपुत्रेण ।

राम: – एतावतैव तुष्टासि ?

सीता – किमन्यत् ।

राम: – प्रिये, अनभिज्ञासि–

**चिरन्तनाधिष्ठितसिंहपीठ–**
**प्राप्त्यैव व स्यात् किल चक्रवर्ती ।**
**प्रजावनेनैव तु धर्मवृत्या**
**प्रत्नेश्वरान् योऽनुकरोति स स्यात् ॥ ८ ॥**

लक्ष्मण: – (विलोक्य) अये, देव्या किमपि संल्पपति महाराज: भवतु समयं प्रतिपालयामि । (द्वारि तिष्ठति)

सीता – तत्रापि जागरूक एवार्यपुत्र: ।

राम: – (सस्मितं नेपथ्याभिमुखमवलोक्य) कथम्, अम्बा: !

(उत्तिष्ठति सीता स्तोकमपसरति)

(तत: प्रविशन्ति कौसल्याकैकेयीसुमित्रा:)

कौसल्या – निषण्णो भवतु वत्स: ।

राम: – (सीतया सह प्रणम्य) भवतु, उपविशामि, उपविशन्त्वम्बा:।

(आसनानि दर्शयति)

(सर्वा उपविशन्ति)

राम: – (उपविश्य) किमिदमतर्कितागमनम् ?

अम्बा: – भवद्दिदृक्षया सन्निहिता: ।

राम: – महाननुग्रह: ।जिगमिषुरहमेवाभूवं भवतीनां दर्शनाय ।

कैकेयी – किन्निमित्तम् ।

રામ - અરે ઓ યજ્ઞભૂમિમાં જન્મેલી ! હવે તો તારું મન પ્રસન્ન થશેને?

સીતા - લાંબા સમયે આર્યપુત્રને ચક્રવર્તીની ચાડી ખાતું સિંહાસનપ્રાપ્ત થયું.

રામ - એનાથી તો સંતુષ્ટછે ને?

સીતા - બીજુ શું? (હા)

રામ - હે પ્રિયા!તું અબુધ છો.

**ચિરંતન કાળથી સિંહાસન ઉપર બેસવાથી ખરે જ ચક્રવર્તી થવાતું નથી. ધર્મવૃત્તિથી પ્રજાનું પાલન કરવાથી જ પૂર્વજ રાજાઓને અનુસરવાથી જ તે (ચક્રવર્તી) થવાય છે. (૮)**

લક્ષ્મણ - (જોઈને) ખરે !દેવી (ભાભી - રાણી) સાથે મહારાજ કાંઈક વાત કરેછે. ભલે હું રાહ જોઉં (દ્વારે ઊભો રહે છે.)

સીતા - તેમાં પણ આર્યપુત્ર જાગ્રતછો જ.

રામ - (સ્મિતપૂર્વકનેપથ્યતરફજોઈને) શું માતાઓ !

(ઊભા થાય છે. સીતા સહેજ દૂર હટેછે.)

(પછી કૌસલ્યા, કૈકયી અનેસુમિત્રા પ્રવેશેછે.)

કૌસલ્યા - દીકરા, બેસીરહે.

રામ - (સીતા સાથે પ્રણામ કરીને) ભલે બેસું છું. આપ માતાઓ બિરાજો.

(આસનબતાવે છે.)

(બધી માતાઓ બેસે છે.)

રામ - (બેસીને) આમ એકાએકકેમઆવવું થયું?

માતાઓ - તનેમળવા માટે આવ્યા છીએ.

રામ - ભારેઅનુગ્રહ. આહુંઆપનેસૌનેમળવા આવવાનો જ હતો.

કૈકેયી - કેમ?

रामः – किमपि निवेदयितुम्।

कौसल्या – निवेदय वत्स !

रामः – **चिरन्तनैर्धर्मपरैः समूढं**

**नृपप्रकाण्डैरवनीभरं तम् ।**

**मय्यर्पितं संप्रति निस्सहाये**

**निर्वर्तयेयं कथमेक एव ॥ ९ ॥**

(सर्वाः स्मयन्ते)

कैकेयी – साधु भणितं वत्सेन, दुष्करं क्रियते अनेन ।

रामः – अम्ब–

**कान्तारे त्वेकाकी दारैः सुसुखं यथेच्छमनुजेन ।**

**संरक्षितोऽधुनाहं कथमिव वोढुं भरं समर्थः स्याम् ॥ १० ॥**

कैकेयी – मामुद्दिश्य भणितमिति तर्कयामि ।

रामः – (कर्णौ पिधाय) शान्तं पापं, शान्तं पापम् । अम्ब, न कदाऽप्येवं व्याहरति रामः ।

कौसल्या – तर्हि वत्सं भरतं युवराजं करोतु वत्सः ।

रामः – प्रियं नः। कथं मन्यते मध्यमाम्बा ।

कैकेयी – अरण्ये सर्वदा सहायो वत्सलक्ष्मण एव युवराजो भवतु ॥

सीता – (स्वगतम्) साधु भणितं मध्यमाम्बया ।

सुमित्रा – वत्स भरत एव युवराजो भवितुमर्हति, यतस्तदा स्वयमुपनतमपि राज्यं परित्यक्तं तेन ।

लक्ष्मणः – साध्वभिहितमम्बया ।

रामः – स्यान्नाम, साक्षादेव पृच्छामस्तावत् किमद्यापि चिरयति लक्ष्मणः ।

રામ - કાંઈક નિવેદન કરવા.

કૌસલ્યા - હે દીકરા, જણાવ.

રામ - **ધર્મપરાયણ ચિરંતન રાજવીમાંથી સમૃદ્ધ અવનીભર્યું આ રાજ્ય નિઃસહાય મને આપવામાં આવ્યું છે તે હું એકલો કેવી રીતે ચલાવી શકું ? (૯)**

**(બધી સ્મિત કરે છે.)**

કૈકેયી - દીકરાએ સાચું કહ્યું. એ દુષ્કર કાર્ય કરી રહ્યો છે.

રામ - હે મા !

**વનમાં એકલો હું પત્ની સાથે નાના ભાઈએ યથેચ્છ રીતે મારું રક્ષણ કર્યું છે તો હું એકલો જ ભાર કેવી રીતે વહી શકું? (૧૦)**

કૈકેયી - મને લાગે છે કે મને ઉદ્દેશીને કહો છો.

રામ - (બંને કાને હાથ દઈને) પાપ શાન્ત છે. પાપ શાન્ત હો. હે માં ! શું રામ ક્યારેય આમ કહે ખરો?

કૌસલ્યા - તો વત્સ ! તું વત્સ ભરતને યુવરાજ બનાવ.

રામ - અમને ગમ્યું. વચેટ માતા શું માને છે?

કૈકેયી - અરણ્યમાં સર્વદા સહાય કરનારા વત્સ લક્ષ્મણ જ યુવરાજ થાઓ.

સીતા - (મનમાં) વચેટ માતાએ ઠીક જ કહ્યું.

સુમિત્રા - વત્સ ભરત જ યુવરાજ થાય તે યોગ્ય છે કારણ કે તેણે જાતે આવેલા રાજ્યનો ત્યાગ કર્યો છે.

લક્ષ્મણ - માતાએ ઠીક જ કહ્યું.

રામ - ભલે. આપણે પ્રત્યક્ષ જ પૂછીએ હજીય કેમ લક્ષ્મણ વિલંબ કરે છે?

लक्ष्मण: - (उपसृत्य) दासोऽयं प्रणमति ।

(रामं प्रणम्य सर्वा अपि प्रणमति)

रामः - एह्येहि वत्स, आसनमिदम् ।

लक्ष्मण: - (साञ्जलिबन्धम्) दूरे तिष्ठति दासः ।

रामः - किन्नु खल्विदम् ।

लक्ष्मण: - दासोचितमिदम् ।

कौसल्या - वत्स, जेष्ठभ्रातुर्वचनमनुतिष्ठ ।

(लक्ष्मण: अनिच्छन्नुपविशति)

रामः - वत्स !

**दयितया सहितो विपिने त्वया**

**विहितसर्वविधाद्भुतसेवनः ।**

**गुरुजनानुमतोऽयमिहापि ते**

**किमपि संप्रति साह्यमपेक्षते ॥ ११ ॥**

लक्ष्मण: - आदिशतु महाराजः, किङ्करस्य यदुचितम् ।

लक्ष्मण: - अथ किं, स्वतः सिद्धमेव ।

रामः - तर्ह्यनुष्ठीयन्तं स्वाम्यादेशः ।

लक्ष्मण: - (साञ्जलिबन्धम्) न खलुप्रगल्भते शैलमुहर्तुं कीटः ।

कौसल्या - वत्स, लक्ष्मण, न खल्वनुगुणं तवैयत् ।

लक्ष्मण: - अम्ब, स्वरूपमनुगुणं किल ।

कैकेयी - अस्माकं स्वामिनो वचननिर्वहणं पुनः ।

लक्ष्मण: - न कदापि स्वभावस्यानपायः ।

रामः - तर्ह्यहं निस्सहायः ।

લક્ષ્મણ - (પાસે જઈને) આ દાસ પ્રણામ કરેછે. (રામને પ્રણામ કરી બધી માતાઓને પ્રણામ કરે છે.)

રામ - આવ વત્સ આવ. આ આસન.

લક્ષ્મણ - (બે હાથ જોડીને)દાસદૂરઊભો છે.

રામ - આ શું ?

લક્ષ્મણ - દાસને આ ઉચિત છે.

કૌસલ્યા - વત્સ ! મોટા ભાઈના વચનને પાળ. (લક્ષ્મણ ઈચ્છા વગર બેસે છે.)

રામ - વત્સ!

**પત્ની સાથે તેં વનમાં મારી સર્વ અને અદ્‌ભુત સેવા કરી છે. વડીલોની અનુમતિ મળી હોવા છતાં આ બાબતે તારીહવે કાંઈક સહાય જોઈએ છે. (૧૧)**

લક્ષ્મણ - સેવક માટે જે ઉચિત હોય તેવી આપ મહારાજ આજ્ઞા કરો.

લક્ષ્મણ - હા. તે તો સ્વતઃસિદ્ધ છે.

રામ - તોસ્વામીનાઆદેશનોઅમલકરો.

લક્ષ્મણ - ( બે હાથ જોડીને) ખરેખર કીડો પર્વતને ઉઠાવવાનું સાહસ ન કરી શકે.

કૌસલ્યા - દીકરા લક્ષ્મણ, આતારે યોગ્ય નથી.

લક્ષ્મણ - હે મા !અરે જ પોતાના સ્વરૂપનોઅનુરૂપ છે.

કૈકેયી - આપણા સ્વામીનું તો નિર્વહણ કરવું જોઈએ.

લક્ષ્મણ - ક્યારેય સ્વભાવ બદલી શકાતો નથી.

રામ - તોતોનિઃસહાયછું.

राम: - अभिषेक्तुमिच्छामि।

लक्ष्मण: - कथं अभिषेक: ! मम ? अस्तु नाम कैङ्कर्यसाम्राज्ये ।

राम: - यौवराज्ये।

लक्ष्मण: - हन्त, यौवराज्यं नाम ! नानुभूतपूर्वं किल ?

कौसल्या - इदानीमनुभवतु वत्स: ।

लक्ष्मण: - अम्ब, अपरिचते कथं प्रवृत्ति: ।

राम: - (सस्मितम्) मम तावत्परिचितं किमिदं स्वमित्वम् ।

**तदधीनमिदं च किन्तु सिद्धं**

**निरपायं मयि पारतन्त्र्यमेकम् ॥१४ ॥**

(उपसृत्य) आर्य, स्वाम्यधीनो भरत: प्रणमति। (प्रणम्य सर्वा अपि प्रणमन्ति)

कैकेयी - वत्स, लक्ष्मण इव न भव।

भरत: - (साञ्जलिबन्धं) अम्ब, क्व मे तादृशं भाग्यम्।

**तृणाय मन्यमानोऽयं राज्यसौख्यं ममानुज:**

**आर्यस्य विपिने श्रीमान् किङ्करोऽमून्निरन्तरम् ॥ १५ ॥**

राम: - एह्येहि वत्स, अत्र तावत् मत्साह्यपरो भव।

लक्ष्मण: - आर्य, इदमासनम्। (उत्थाय रामस्य पृष्ठत: तिष्ठति)

राम: - इदमासनम्।

भरत: - यथादिशति महाराज: । (उपविशति)

(शत्रुघ्न: सर्वानपि प्रणम्य भरतस्य पृष्ठतस्तिष्ठति)

कौसल्या - वत्स, तवाम्बया भणितमन्यथा गृहीतं त्वया।

भरत: - कथम् ?

कौसल्या - जेष्ठभ्राता आदिष्टो यौवराज्यमनुभवितुं भवान्।

| | | |
|---|---|---|
| રામ | - | (યુવરાજપદે) અભિષેક કરવામાંગું છું. |
| લક્ષ્મણ | - | શું અભિષેક મારો? મારે માટે તો સેવકનું સામ્રાજય ભલે રહ્યું. |
| રામ | - | યુવરાજપદે. |
| લક્ષ્મણ | - | અરે! યુવરાજપદ. મેં તો પહેલાં ક્યારેય અનુભવ્યું નથી? |
| કૌસલ્યા | - | વત્સ હવે ભોગવે. |
| લક્ષ્મણ | - | મા. અપરિચિત હોય તેમાં શા માટે પ્રવૃત્તિ કરવી? |
| રામ | - | (સ્મિતપૂર્વક) શું મને સ્વમિત્વ (રાજાપણું) પરિચિત હતું? |

તમારે અધીન તો સિદ્ધ હતું જ. મારા માટે તો પરતંત્રતા જ યોગ્ય છે. (પાસે જઈને સ્વામીને અધીન ભરત પ્રણામ કરે છે) (પ્રણામ કરીને બધી માતાઓને પ્રણામ કરે છે.)

| | | |
|---|---|---|
| કૈકેયી | - | વત્સ ! લક્ષ્મણ જેવો ન થતો. |
| ભરત | - | (બેહાથજોડી) હે મા! મારું એવું તો ભાગ્ય ક્યાંથી? |

**આ મારો નાનો ભાઈ રાજ્યના સુખને તણખલા જેવું ગણનાર વનમાં મોટાભાઈનો તો નિરન્તર સેવક બની રહ્યો હતો. (૧૫)**

| | | |
|---|---|---|
| રામ | - | આવભાઈ! આવ, અહીં તું મારો સહાયક થા. |
| લક્ષ્મણ | - | મોટા ભાઈ ! આ આસન. (ઊભો થઈને રામની પાછળ ઊભો રહે છે.) |
| રામ | - | આ આસન. |
| ભરત | - | જેવી મહારાજની આજ્ઞા. (બેસે છે) |

(શત્રુધ્ન બધાંને પ્રણામ કરીને ભરતની પાછળ ઊભો રહે છે.)

| | | |
|---|---|---|
| કૌસલ્યા | - | વત્સ! તારી માતાએ કહ્યું તે તું ઊલટું સમજ્યો છે. |
| ભરત | - | કેવી રીતે? |
| કૌસલ્યા | - | તું યુવરાજપદ ભોગવવા માટે મોટાભાઈ તને આદેશ થયો છે. |

भरतः - (सवैलक्ष्यम्) कथं यौवराज्यम् ?

रामः - आम । (चिरन्तनैरिति पूर्वोक्तमेव पठित्वा) तत्सहायो भवतु भवान् ।

भरतः - वर्तते किल लक्ष्मणः ।

रामः - तेन निराकृतम् ।

भरतः - आर्य

**सर्वथा साह्यकृत् श्रीमांल्लक्ष्मणो विपिने तदा ।**
**इदानीमप्ययं साह्ये प्रभवत्येव नेतरः ॥ १६ ॥**

रामः - (दीर्घं निश्वस्य) लल्वपि वन्ध्या किमु मत्प्रार्थना ?

भरतः - (कर्णौ पिधाय) आर्य, शान्तं पापं, शान्तं पापम् । कोऽहम्? सर्वे भवदायत्तं किल

**वसनमपरनिध्न काङ्क्षते किं स्वमर्थं**
**स्वचरणपरिमृष्टिं शीर्षसंवेष्टनं वा ।**
**प्रभवति हि विधातुं तस्य नेता यथेच्छं**
**प्रभुरिममुपयुङ्क्तां स्वानुकूल्यानुरूपम् ॥ १७ ॥**

रामः - महान् प्रमोदः, एहि वत्स । (उत्थायालिङ्गति)

कञ्चुकी(प्रविश्य) - देव, सम्प्रातः कुलगुरुः ।

रामः - अये, कुलुगुरुः ! (सर्वे उत्तिष्ठन्ति)

रामः - हन्त ! भोः

**अनुमतं युवराजपदं मुदा**
**मदनुजेन गुरुश्च हिते रतः ।**
**सुसमये मदनुग्रहतत्परः**
**पिशुनयन्निव मङ्गलमामामम् ॥ १८ ॥**

ભરત - (વૈલક્ષ્યપૂર્વક) શું યુવરાજપદ?

રામ - હા. (चिरन्तने પહેલાં કહેલું બોલીને) તો તું મને સહાય કર.

ભરત - લક્ષ્મણ છે ને,

રામ - તેણે ના પાડી,

ભરત - મોટાભાઈ !

**શ્રીમાન લક્ષ્મણે વનમાં તમને સર્વથા સહાયકરી છે. હવે તે જ તમને સહાય કરવા સમર્થ છે. બીજો કોઈ નહીં. (૧૬)**

રામ - (લાંબોનિસાસો નાખીને) તનેકરેલી મારી પ્રાર્થના શું નિષ્ફળ થશે ?

ભરત - (બે હાથે હાથ દઈને) મોટાભાઈ ! પાપ શાન્ત હો. પાપ શાન્ત હો. હું કોણ? ખરે જ બધું તમને આધીન છે.

**બીજાને વશ વસ્ત્ર પોતાનો અર્થ- પોતાના ચરણને લૂછવાનું કે મસ્તકે વીંટળાવાનું ઈચ્છે છે ખરું ? યથેચ્છ રીતે પોતાને અનુકૂળ ઉપયોગ કરવા તેનો નેતા સ્વામી જ સમર્થહોય છે. (૧૭)**

રામ - મારે આનંદ થયો. આવ વત્સ ! (ઊભા થઈને આલિંગે છે.)

કંચુકી - (પ્રવેશીને) મહારાજ! કુલગુરુ પધાર્યા છે.

રામ - અહો! કુલગુરુ! (બધા ઊભા થાય છે.)

રામ - અહો !

**આ મારા નાના ભાઈએ યુવરાજની અનુમતિ આપી છે અને ગુરુ (મારા) હિતમાં લીન (રત) છે. સારા સમયે મારા ઉપર અનુગ્રહ કરવા તત્પર (ગુરુ) જાણે મંગલ આગમન પ્રગટ કરેછે. (૧૮)**

(ततः प्रविशति वसिष्ठः)

वसिष्ठः – दिष्ट्या पश्यामि बन्धुजनबन्धुरं वसुन्धराधीश्वं रामभद्रम्। हन्त! कीदृशी अनेनानुभूता क्लेशपरम्परा (विचिन्त्य) अथवा एतादृश एव ह्यस्यावतारः

**मत्स्यत्वं कच्छपत्वं च वराहत्वं क्व गर्हितम्।**
**क्व वैतस्य परत्वं भक्तार्थं सर्वमादृतम्॥ १९॥**

(उपसर्पति)। सर्वे प्रणमन्ति)

रामः – (सादरम्) इदमासनम्।

वसिष्ठः – (उपविश्य) उपविशतु महाराजः।

रामः – यथादिशति भगवान्। (उपविश्य)

**अनभ्रवृष्टिकल्पं हि भवदागमनं हठात्।**
**सम्पदप्रार्थिताप्येवं स्वयमायाति कुत्रचित्॥ २०**

वसिष्ठः – यत्किञ्चिद्विवक्षुः सन्निहितः।

रामः – आदिशतु भगवान्।

वसिष्ठः – महाराजस्य सन्निधौ केनचिद्युवराजेन भवितव्यं किल

रामः – हन्त भोः हितैषिणामेकरूपा किल मनोवृत्तिः। भगवन् इयमेव प्रवृत्तिरिदानीं प्रचलिता।

वसिष्ठः – महान् प्रमोदः। तर्हि युवराजः कः?

रामः – भगवान् कथं मन्यते?

वसिष्ठः – महाराजानुचरो हि लक्ष्मणः।

लक्ष्मणः – (स्वगतम्) हन्त, भगवानपि किमिदमेवम्!

(પછી વસિષ્ઠ પ્રવેશે છે) સદ્ભાગ્યે બંધુ જનોથી શોભતા ધરતીના સ્વામી રામભદ્રનેજોઉંછું. અરેરે !આપણો કેવીદુઃખની પરંપરાઅનુભવી? (વિચારીને) અથવા આવો જ તેમનો અવતાર છે.

**માછલાપણું. કાચલાપણું અને નિંદ્ય વરાહપણું ક્યાં અને ક્યાં ભક્તજનો માટે બધાંને આદરપાત્ર આમની પર તંત્રતા ! (૧૯)**

(પાસે જાય છે.) બધાં પ્રણામકરેછે.

રામ - (આદરપૂર્વક)આઆસન.!

વસિષ્ટ - (બેસીને) મહારાજા બિરાજો.

રામ - જેવી ભગવાનનીઆજ્ઞા. (બેસીને)

**આપનુંહઠ વડે આગમનવણ ાવાદળ વૃષ્ટિ જેવું છે. સંપત્તિ પણ ક્યાંકથી વગર પ્રાર્થનાએ આવે છે. (૨૦)**

વસિષ્ઠ - હું (તમને) કાંઈક કહેવા ઈચ્છતો હોવાથી આવ્યો છું.

રામ - ભગવાન આજ્ઞા કરો.

વસિષ્ઠ - મહારાજનીપાસે ખરેખર કોઈ યુવરાજ હોવો જોઈએ.

રામ - અહો!હિતેચ્છુઓનીમનોવૃત્તિ ખરેખરએકરૂપ હોય છે. હે ભગવાન!એ પ્રવૃત્તિ જ હમણાં ચાલે છે.

વસિષ્ઠ - તો તો ભારે આનંદ. તો કોણ થશે યુવરાજ?

રામ - આપભગવાનશું માનોછો?

વસિષ્ઠ - મહરાજનો સેવક લક્ષ્મણ જ ખરેખર.

લક્ષ્મણ - (મનમાં) અરે ! ભગવાન પણ આમ જ ઈચ્છે છે.

रामः – तेन कैङ्कर्यात् नान्यदङ्गीक्रियते ।

वसिष्ठः – यौवराज्यं तावन्न निरुणद्धि किल कैङ्कर्यम् ।

(रामः लक्ष्मणं पश्यति)

लक्ष्मणः – (साञ्जलिबन्धम्) भगवन्

**दास्याधिकारयोर्मैत्री तेजस्तिमिरयोरिव ।**

**तत्किङ्करेण संत्याज्या यत्नेनाप्यधिकारिता ॥ २१ ॥**

वसिष्ठः – हन्त, भोः, दृढसङ्कल्पोऽयम्! भरतः कथम्?

(भरतः साञ्जलिबन्धम् वसनमितरनिघ्नमित्यादि पूर्वोक्तमेव पठति)

वसिष्ठः – महान् प्रमोदः । कः कोऽत्रभोः, सम्भ्रियन्तां सम्भाराम्भ्र

(नेपथ्ये)

सम्भृता एव !

वसिष्ठः – प्रचलन्तु सर्वेऽप्यभिषेकमण्डपम् । (सर्वे परिक्रामन्ति) आरोहतु कुमारभरतो भद्रासनम् ।

भरतः – यथादिशति भगवान् । (इत्यारोहति नेपथ्ये मङ्गलवायित्रघोषः)

वसिष्ठः – (अभिषिच्य) वत्स युवराज !

**छायानुकारी रामस्य नित्यं मङ्गलमाप्नुहि ।**

भरतः – सर्वं भगवदनुग्रहात् ।

वसिष्ठः – (लक्ष्मणमवलोक्य)–

**रामसङ्कल्पकल्पस्त्वं कैङ्कर्ये भव लक्ष्मण ॥ २२ ॥**

लक्ष्मणः – (साञ्जलिबन्धम्) अनुगृहीतोऽस्मि ।

वसिष्ठः – युवराज, किं ते भूयः प्रियमुपहरामि ?

રામ - તે સેવકપણાસિવાય બીજુંસ્વીકારતો નથી.

વસિષ્ઠ - યુવરાજપદ સેવાને અંતરાયરૂપ બનતું નથી. (રામ લક્ષ્મણ તરફ જુએ છે.)

લક્ષ્મણ - (બે હાથ જોડીને) હે ભગવાન !

**દાસત્વ અને અધિકારની મૈત્રી તો પ્રકાશ અને અંધકાર જેવી છે. તેથી સેવકે પ્રયત્નપૂર્વક પણ અધિકારપણું ત્યજવું જોઈએ. (૨૧)**

વસિષ્ઠ - અરે ! આ તોદઢસંકલ્પવાળો છે. ભરત કેમ છે ?

(ભરતબે હાથ જોડીને વસ્ત્રતોબીજીને વશ છે.... વગેરે એમ પહેલાની માફક ભણે છે.)

વસિષ્ઠ - ભારે આનંદ. કોણ છે ? કોણ છે ? સામગ્રી એકઠી કરો તો.

(નેપથ્યમાં)

બધી જ સામગ્રી તૈયાર છે.

વસિષ્ઠ - બધાજ અભિષેકમંડપ તરફ ચાલો. (બધાફરેછે.) કુમાર ભરત ભદ્રાસન ઉપર બેસો. (ચડો.)

ભરત - જેવીભગવાનનીઆજ્ઞા. (બેસેછે. નેપથ્યમાં મંગલ વાદ્યનો ઘોષ થાય છે.)

વસિષ્ઠ - વત્સ યુવરાજ !

**રામની છાયાનું અનુકરણ કરનારો હમેશાં મંગલ પામો.**

ભરત - બધુંઆપનીકૃપાથી થાયછે.

વસિષ્ઠ - (લક્ષ્મણને જોઈને)

**લક્ષ્મણ! રામના સંકલ્પ જેવો તું સેવામાં થજે. (૨૨)**

લક્ષ્મણ - (બે હાથ જોડીને) તમારો અનુગ્રહ થયો.

વસિષ્ઠ - હે યુવરાજ !હવે વધું શું તારું પ્રિય કરું?

भरतः - पारतन्त्र्यञ्च कैङ्कर्यमावयोः स्थापितं द्वयोः ।
स्वामिसेवात्तसत्तायाः किमितोऽप्यस्ति नः प्रियम् ॥ २३ ॥

तथापीदमस्तु भरतवाक्यम्

नेतारः परिपालयन्तु भुवनं न्याय्येन सम्यक् पथा
स्याद्गोब्राह्मणमण्डलाय कुशलं लोकोऽस्तु नित्यं सुखी।
कासारा रसपूरिता विटपिनः पुष्पैः फलैः सम्भृताः
सस्याढ्या धरणिश्च सन्तु समये वर्षन्तु धाराधराः ॥ २४ ॥

दाशरथिदर्शनं नाटकं समाप्तम् ।

●●●

ભરત - અમારા બંનેનું કૈંકર્ય(સેવા) અને પરતંત્રતા પ્રસ્થાપિ ત કરી સ્વામીને સેવાથી પ્રાપ્ત સત્તા વાળા અમારે માટે આનાથી વધુ શું પ્રિ ય હોય? (૨૩)

તો પણ આમ ભરત વાક્ય થાઓ.

(ભરત વાક્ય)

નેતાઓ ન્યાયના માર્ગે સારી રીતે જીવનનું પાલન કરે. ગાય અને બ્રાહ્મણ સમુદાયનું કુશળ હો. લોકો હંમેશા સુખી થાઓ. તળાવો જળથી પૂર્ણ હો. વૃક્ષો ફૂલ ફળથી લચી પડો. ધરતી અનાજથી છવાઈ જાય અને યથાસમયે મેઘ વરસો. (૨૪)

દાશરથિ દર્શન નાટક સમાપ્ત

●●●